પેજ 3

## સુનીતા આહુજાનો વિસ્ફોટક ખુલાસો: “હું ગોવિંદાને માફ નહીં કરું”, અફેરની ચર્ચાઓએ ફરી જોર પકડ્યું



મુંબઈ, તા. 17: સુનીતા આહુજા અને ગોવિંદાના સંબંધો છેલ્લા એક વર્ષથી હેડલાઇન્સમાં છે. તેઓ છૂટાછેડા લેવા જઈ રહ્યા છે તેવા સમાચાર બાદ ગોવિંદાના એક્સ્ટ્રા મેરિટલ અફેર (લગ્નેતર સંબંધ)ના અહેવાલે પણ જોર પકડ્યું હતું. જોકે, સુનીતાએ છૂટાછેડાના અહેવાલોને નકારી કાઢ્યા હતા, પરંતુ તેણે કથિત અફેર વિશે ઘણી વખત વાત કરી છે. હવે, એક નવા ઇન્ટરવ્યુમાં સુનીતાએ ગોવિંદાના અફેર તરફ ઇશારો કરતાં કહ્યું કે, ‘ ’ઐસી લડકિયાં બહોત આતી હૈં’’ (આવી છોકરીઓ તો ઘણી આવે છે). જોકે, આ ઇન્ટરવ્યુ હજી રિલીઝ થયો નથી, પરંતુ મિસમાલિની પોડકાસ્ટ પર જારી પ્રોમો મુજબ એવું લાગે છે કે, સુનીતાએ ફરી એક વાર ગોવિંદાના કથિત અફેર વિશે વાત કરી છે. કારણ કે, તે કહેતી સાંભળવા મળી રહી છે કે, ‘ ’હું ગોવિંદાને માફ નહીં કરીશ.’’

## રહેમાનના આરોપો પર જાવેદ અખ્તરનો ખુલાસો: “નાના પ્રોડ્યુસર્સ ઓસ્કર વિનર પાસે જતા ડરે છે, કોઈ ભેદભાવ નથી



મુંબઈ, તા. 17: ઓસ્કર વિજેતા મ્યુઝિક ડિરેક્ટર એઆર રહેમાને હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં કામ ન મળવાનું કારણ સાંપ્રદાયિક એંગલ અને બદલાતા પાવર ડાયનેમિક્સને ગણાવ્યું છે. તાજેતરમાં એક ઇન્ટરવ્યુ દરમિયાન એઆર રહેમાને જણાવ્યું હતું કે, તેમને 8 વર્ષથી બોલિવૂડમાં કામ મળવાનું બંધ થઈ ગયું છે. બોલિવૂડમાં રહેમાનને કામ ન મળવા અંગેના નિવેદને સોશિયલ મીડિયાથી લઈને બોલિવૂડના વર્તુળો સુધી એક નવી ચર્ચા છેડી દીધી છે. હવે આ મુદ્દે ગીતકાર, પટકથા-સંવાદ લેખક જાવેદ અખ્તરે પોતાનો પક્ષ રાખ્યો છે. જાવેદ અખ્તરે રહેમાનના દાવાને સ્પષ્ટપણે ફગાવી દેતાં કહ્યું, ‘ ’મને એવું ક્યારેય નથી લાગ્યું. હું મુંબઈમાં રહું છું, દરેકને મળું છું. રહેમાનને ખૂબ સન્માન મળે છે.’’ જાવેદ અખ્તરનું માનવું છે કે રહેમાન વેસ્ટ (પશ્ચિમી દેશો)માં વ્યસ્ત રહે છે, શો કરે છે, તેથી પ્રોડ્યુસર્સ તેમનો સંપર્ક કરતા અચકાય છે. જાવેદ અખ્તરે કહ્યું, ‘ ’ઓસ્કર વિનર જેવી મહાન હસ્તી પાસે નાના નિર્માતાઓ ખચકાટ અનુભવતા હશે. આમાં કોઈ સાંપ્રદાયિક એંગલ નથી.’’

## ‘ ’નરક જેવું જીવન જીવી રહી હતી’’: કંગનાએ ઋતિક સાથેના કેસને યાદ કર્યો



મુંબઈ, તા. 17: બોલિવૂડ એક્ટ્રેસ કંગના રનૌતે ઇન્સ્ટાગ્રામ પર ચાલી રહેલા લેટેસ્ટ વાયરલ ટ્રેન્ડ ‘2026 ઇઝ ધ ન્યૂ 2016’ માં ભાગ લીધો છે. કંગનાએ ઇન્સ્ટાગ્રામ પર ઘણીબધી તસવીરો શેર કરીને પોતાના જીવન અને કરિયરના સૌથી ઊથલપાથલ ભરેલા સમય વિશે વાત કરી. શનિવાર, 17 જાન્યુઆરીએ એક્ટ્રેસે 2016ની કેટલીક જૂની તસવીરો શેર કરી હતી. કંગનાએ આ વર્ષને પ્રોફેશનલ રીતે સફળ પરંતુ પર્સનલ રીતે વિનાશક વર્ષ ગણાવ્યું હતું. કોઈનું નામ લીધા વિના કંગનાએ મજબૂતીથી એ લીગલ નોટિસ તરફ ઇશારો કર્યો જે એક્ટર ઋતિક રોશને તેને મોકલી હતી. આ લીગલ નોટિસમાં ઋતિક રોશને કંગના રનૌતને તેની જાહેર ટિપ્પણીઓ પર માફી માંગવા કહ્યું હતું. કંગનાએ કહ્યું કે, આ ઘટના પછી તેણે ઘણી કાયદાકીય લડાઈઓ લડવી પડી, મીડિયા ટ્રાયલ થઈ અને ઊંડો આઘાત પણ તેને સહન કરવો પડ્યો હતો.

## સિંગર બી પ્રાકને જાનથી મારી નાખવાની ધમકી: ગેંગસ્ટરે 10 કરોડની ખંડણી માંગી



મુંબઈ, તા. 17: ‘ ’એક અઠવાડિયામાં દસ કરોડ રૂપિયા આપી દે... નહીં તો બહુ મોટું નુકસાન કરી દઈશું...’’ સિંગર બી પ્રાકને જાનથી મારી નાખવાની ધમકી મળી છે. ધમકી આપનાર ગેંગસ્ટરે પોતાનું નામ આરઝૂ બિશ્નોઈ જણાવ્યું છે. સિંગર દિલનૂરને ધમકીભર્યો કોલ કરવામાં આવ્યો છે, જેમાં 10 કરોડ રૂપિયાની માગણી કરવામાં આવી છે. ગેંગસ્ટરે ધમકી આપતાં કહ્યું છે કે, 10 કરોડ રૂપિયા આપી દે, નહિતર મિટ્ટીમાં મેળવી દઈશું. બી પ્રાક બોલિવૂડનું એક મોટું નામ છે અને તેમના ઘણાં ગીતો સુપરહિટ રહ્યા છે. મળતી માહિતી મુજબ, પંજાબી સિંગર દિલનૂરને 6 જાન્યુઆરીની બપોરે એક ઓડિયો રેકોર્ડિંગ મોકલવામાં આવ્યું હતું. આ પહેલા દિલનૂરને 5 જાન્યુઆરીના રોજ બે વાર કોલ કરવામાં આવ્યો હતો, પરંતુ દિલનૂરે કોલ ઉપાડ્યો ન હતો. 6 જાન્યુઆરીએ પણ વિદેશી નંબર પરથી કોલ આવ્યો હતો.


**ગુજરાત સરકાર**
**નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ.**
**ટેન્ડર નોટિશ નં. ૧ સને ૨૦૨૫-૨૬ (ઓફલાઈન)**
**ડ્રેનેજ પેટા વિભાગ, નવસારી.**

કામનું નામ:- કન્સ્ટ્રક્ટીંગ ઓફ આર.સી.સી પાઈપલાઈન ફોર ડીસ્પોઝલ ઓફ ડોમેસ્ટીક વોટર @ વિલેજ-બુહારી, તા.વાલોડ, જી.તાપી (અંદાજીત રકમ રૂ.૩,૮૩,૬૨૪.૩૪)

આ કામોની કોરી ટેન્ડર કોપી આપવાની તા.૧૯/૦૧/૨૦૨૬ થી આપવામાં આવશે. કામની ટેન્ડર ફી રૂ.૬૦૦ /- સહિત તથા ભાવ કરેલ ટેન્ડર ફક્ત રજીસ્ટર પોસ્ટ એ.ડી/સ્પીડ પોસ્ટથી સ્વીકારવાની છેલ્લી તા.૨૭/૦૧/૨૦૨૬ સાંજે ૧૮:૦૦ કલાક સુધીની છે. શક્ય હશે તો મળેલ ટેન્ડરો તા.૨૮/૦૧/૨૦૨૬ ના રોજ સમય ૧૨:૩૦ કલાકે હાજર રહેલ ઇજારદારો સામે ખોલવામાં આવશે. વધુમા આ કામની વિગતવાર નોટીસ કચેરીના બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ વિગતો માહીતી મેળવવવા રસ ધરાવતાં વર્ગ-ઈ-૨ અને ઉપરના રજીસ્ટ્રેશન ધરાવતાં ઇજારદારશ્રીએ રજાના દિવસો સિવાય ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવા વિનંતી છે.

નાયબ કાર્યપાલક ઇજનેર
ડ્રેનેજ પેટા વિભાગ
નવસારી

માહિતી/નવસારી/ ૬૩૫ /૨૦૨૬




» પ્રયાગરાજમાં ચાલી રહેલા ‘માઘ મેળા’ ઉત્સવ દરમિયાન ‘મૌની અમાવસ્યા’ના પવિત્ર અવસર પૂર્વે સંગમ ખાતે પવિત્ર સ્નાન માટે શ્રદ્ધાળુઓનો મોટો સમૂહ ઉમટી પડ્યો

# રાજ્યસભામાં 19 બિલો પેન્ડિંગ, સૌથી જૂનું 1992નું છે

**1992ના** આ બિલમાં એવી દરખાસ્ત પણ છે કે, જો કોઈ સાંસદ અથવા ધારાસભ્યને બેથી વધુ બાળકો હોય તો તેમને અયોગ્ય જાહેર કરવા જોઈએ

નવી દિલ્હી, તા. 17: રાજ્યસભામાં સરકારના કુલ ૧૯ બિલો (ખરડાઓ) પેન્ડિંગ છે, જેમાં સૌથી જૂનું બિલ ૧૯૯૨નું છે, જે વસ્તી નિયંત્રણ સાથે સંબંધિત છે.

રાજ્યસભા એક કાયમી ગૃહ છે જેનું ક્યારેય વિસર્જન થતું નથી, જેમાં તેના એક તૃતીયાંશ સભ્યો દર બે વર્ષે નિવૃત્ત થાય છે. લોકસભામાં પેન્ડિંગ બિલો ગૃહના વિસર્જન સાથે રદ થઈ જાય છે, જ્યારે રાજ્યસભામાં પેન્ડિંગ બિલ ક્યારેય રદ થતું નથી.

ઉપલા ગૃહના એક બુલેટિન મુજબ, હાલમાં ૧૯ બિલો પેન્ડિંગ છે, જેમાં સૌથી જૂનું ‘ધ કોન્સ્ટિટ્યુશન (સેવન્ટી-નાઈન્થ અમેન્ડમેન્ટ) બિલ, ૧૯૯૨’ છે.

આ બિલમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં સુધારો કરવાની દરખાસ્ત કરવામાં આવે કે રાજ્ય વસ્તી નિયંત્રણ અને નાના પરિવારના ધોરણોને પ્રોત્સાહન આપવામાં આવે અને મૂળભૂત ફરજોમાં નાના પરિવારના ધોરણને પ્રોત્સાહન આપવા અને અપનાવવાનો સમાવેશ કરવામાં આવે. તેમાં એવી દરખાસ્ત પણ કરવામાં આવી હતી કે, જો કોઈ સાંસદ અથવા ધારાસભ્યને બેથી વધુ બાળકો હોય તો તેમને અયોગ્ય જાહેર કરવા જોઈએ.પેન્ડિંગ બિલોમાં ‘ધ દિલ્હી રેન્ટ (અમેન્ડમેન્ટ) બિલ, ૧૯૯૭’ પણ સામેલ છે, જે દિલ્હી રેન્ટ એક્ટ, ૧૯૯૫માં સુધારો કરવા માટે લાવવામાં આવ્યું હતું, જેનો હેતુ ભાડા નિયંત્રણ કાયદાઓને આધુનિક બનાવવાનો હતો, પરંતુ તેને ભાડૂત અને મકાનમાલિક જૂથોના ભારે વિરોધનો સામનો કરવો પડ્યો હતો.

જ્યારે સરકાર ‘ધ સીડ બિલ ૨૦૨૫’ લાવવા પર કામ કરી રહી છે, ત્યારે પેન્ડિંગ બિલોમાં ‘ધ સીડ્સ બિલ, ૨૦૦૪’નો સમાવેશ થાય છે, જેનો હેતુ વેચાણ, આયાત અને નિકાસ માટે બીજની ગુણવત્તાને નિયંત્રિત કરવાનો અને ગુણવત્તાયુક્ત બીજના ઉત્પાદન અને પુરવઠાને સરળ બનાવવાનો હતો.

# બિહારમાં આક્રોશ: જાતીય હુમલા બાદ નીટની વિદ્યાર્થિનીનું મોત

**પરિવારનો** આરોપ- રૂ.15 લાખમાં કેસ દબાવવાનો પ્રયાસ

પટણા, તા. 17: પટણાની શંભુ ગર્લ્સ હોસ્ટેલમાં નીટની તૈયારી કરી રહેલી એક વિદ્યાર્થિનીના મોતના મામલે સમગ્ર બિહારમાં આક્રોશ પેદા થયો છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ સામે આવ્યા બાદ એ સ્પષ્ટ થઈ ગયું છે કે, મોત પહેલાં વિદ્યાર્થિની સાથે સેક્સ્યુઅલ એસોલ્ટની આશંકા નકારી શકાય તેમ નથી. રિપોર્ટમાં વિદ્યાર્થિનીના શરીર પર અનેક જગ્યાએ ઈજાનાં નિશાન મળી આવ્યાં છે. મૃતકના પિતાનું કહેવું છે કે, તેમની દીકરી એઈમ્સની ડોક્ટર બનવા માંગતી હતી. આજે એ જ દીકરીનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ એઈમ્સ મોકલવામાં આવ્યો છે.

તેમણે સરકારના સુશાસનના દાવાઓ પર સવાલ ઉઠાવતા કહ્યું કે, આ કેવી વ્યવસ્થા છે જ્યાં દીકરીઓ સાથે દરિંગી (અમાનવીય કૃત્ય) થાય છે અને ત્યારબાદ તેમને મોતને ઘાટ ઉતારી દેવામાં આવે છે. પીડિતાના પરિવારનું કહેવું છે કે તેમની દીકરી એક તેજસ્વી વિદ્યાર્થિની હતી અને તેનું સ્વપ્ન એઈમ્સની ડોક્ટર બનવાનું હતું. પિતાએ આક્ષેપ કર્યો છે કે દીકરીની સારવાર દરમિયાન ડોક્ટરો કે પોલીસ તરફથી યોગ્ય સંવાદ કરવામાં આવ્યો ન હતો. ઊલટાનું પરિવારને કેસ દબાવવા માટેની ઓફરો આપવામાં આવી, જેમાં 15 લાખ રૂપિયા સુધીની લાંચ આપવાનો દાવો કરવામાં આવ્યો છે. પરિવારનું કહેવું છે કે દીકરી સારવાર દરમિયાન ભાનમાં હતી, પરંતુ કથિત રીતે તેને શાંત કરવા માટે દવાઓ આપવામાં આવી હતી.

# ઈરાન હિંસા વચ્ચે ભારતીયોની વતન વાપસી

**દિલ્હી** એરપોર્ટ પર ભાવુક દ્રશ્યો, ‘ત્યાં સ્થિતિ નર્ક જેવી છે’



નવી દિલ્હી, તા. 17: ઈરાનમાં ચાલી રહેલી હિંસા વચ્ચે ફસાયેલા અનેક ભારતીય નાગરિકો શુક્રવાર મોડી રાત્રે દિલ્હી એરપોર્ટ પહોંચ્યા હતા. આમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ છે. કેટલાક લોકો ભારત સરકારની પહેલથી પરત ફર્યા તો કેટલાક પોતાના ખર્ચે પાછા આવ્યા છે. દિલ્હી એરપોર્ટ પર પરિજનોને મળતાં જ અનેક નાગરિકો ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે હિંસા દરમિયાન ઈરાનમાં સ્થિતિ કેવી રીતે વણસી છે. ઈરાનથી પરત ફરેલા જમ્મુ-કાશ્મીરના એક યુવકે કહ્યું, ‘’ત્યાં ઈન્ટરનેટ નથી, સ્થિતિ ખૂબ જ ખરાબ છે. 28 ડિસેમ્બરથી હિંસા ચાલુ છે, હિંસક વિરોધ પ્રદર્શનો થઈ રહ્યાં છે. 3 હજારથી વધુ લોકોનાં મોત થયાં છે.’’ ઈરાનથી પરત ફરેલી એક મેડિકલ સ્ટુડન્ટે જણાવ્યું હતું કે, ભારતીય દૂતાવાસે તેમનો સંપર્ક કર્યો હતો, પરંતુ તે ખાનગી ફ્લાઈટ દ્વારા ખુદ દિલ્હી પહોંચી છે. ભારત સરકારે ગુરુવારે એડવાઈઝરી જારી કરીને ભારતીય નાગરિકોને તેમના પાસપોર્ટ, વિઝા અને અન્ય જરૂરી દસ્તાવેજો હંમેશાં પોતાની પાસે રાખવા જણાવ્યું હતું. ભારત સરકારના પ્રયાસોથી ખાનગી ફ્લાઈટ દ્વારા નાગરિકો પરત ફર્યા છે.


**દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ**
CIN U40102GJ2003SGC042909
નવસારી ગ્રામ્ય વિભાગીય કચેરી, કબીલપોર (ગ્રીડ),નવસારી
ડીજીવીસીએલ ટોલ ફ્રી નંબરઃ- ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

**વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત**

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ સમય અને તારીખના રોજ સબ-સ્ટેશનનું/ ફિડરનું અગત્યનું સમારકામ કરવાનું હોવાથી વીજ પુરવઠો બંધ રહેશે. જેની તમામ વીજ વપરાશ કરનાર ગ્રાહકોને નોંધ લેવા વિનંતી છે.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ- ડિવિઝન | ફોલ્ટ સેંન્ટર નં. | તારીખ/વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬કે.વી ટાંકલ | ૧૧ કેવી ચાસા જેજીવાય | ટાંકલ | ૬૩૫૭૧૯૬૬૪૨ | ૧૯.૦૧.૨૦૨૬/ સોમવાર | ૦૯:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| ૨ | | ૧૧ કેવી ઉંઘવલ એજી | | | | |
| ૩ | | ૧૧ કેવી ચિતાલી એજી | | | | |
| ૪ | | ૧૧ કેવી સુથવાદ એજી | | | | |
| ૫ | | ૧૧ કેવી તાડીયા એજી | | | | |
| ૬ | | ૧૧ કેવી વાંઝણા એજી | | | | |

નોંધઃ- જો કામ વહેલું પુરું થશે તો અગાઉથી ખબર આપ્યા વિના વિજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે

કાર્યપાલક ઈજનેર (સં અને નિ)નવસારી ગ્રામ્ય વિભાગીય કચેરી

“એમ.સી.બી./ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો”


# કોંગી ધારાસભ્યએ બળાત્કારની ઘટનાઓને જ્ઞાતિ અને સુંદરતા સાથે જોડી

**પુણ્ય** મળવાની આશાએ સવર્ણો પછાત વર્ગની કદરૂપી મહિલા પર પણ બળાત્કાર કરે છે!

**કોંગ્રેસે** મધ્યપ્રદેશના આ ધારાસભ્યની વાત સાથે અસંમતિ દર્શાવી, ભાજપે માગણી કરી કે તેમને હાંકી કાઢો

**ભારે** ઉહાપોહ મચતા ધારાસભ્યએ કહ્યું કે પોતે એક ફિલોસોફરનું નિવેદન ટાંક્યું હતું, જેની સાથે પોતે સંમત નથી



ભોપાલ, તા. 17: મધ્ય પ્રદેશના ભાન્ડેરના કોંગ્રેસના ધારાસભ્ય ફૂલ સિંહ બારૈયાએ એક મોટો વિવાદ છેડ્યો છે. તેમણે દાવો કર્યો હતો કે, ભારતમાં મોટા ભાગના બળાત્કારનો ભોગ અનુસૂચિત જાતિ (એસસી), અનુસૂચિત જનજાતિ (એસટી) અને અન્ય પછાત વર્ગો (ઓબીસી)ની મહિલાઓ બને છે.

બારૈયાએ પોતાના નિવેદન પાછળની ‘રેપ થીયરી’ સમજાવતાં કહ્યું કે, જો કોઈ વ્યક્તિ મુસાફરી દરમિયાન અત્યંત સુંદર સ્ત્રી ને જુએ છે તો તેનું મન વિચલિત થઈ શકે છે, જેના કારણે બળાત્કારની ઘટના બને છે. અનુસૂચિત જાતિ (એસસી), અનુસૂચિત જનજાતિ (એસટી) અને પછાત વર્ગોનો ઉલ્લેખ કરતાં ધારાસભ્યએ સૂચવ્યું હતું કે, આ સમુદાયોની મહિલાઓને તેમના પ્રાચીન ગ્રંથોમાં રહેલી વિકૃત માન્યતા પ્રણાલીને કારણે નિશાન બનાવવામાં આવે છે. બારૈયાએ એવો પણ દાવો કર્યો હતો કે, ગુનેગારો માને છે કે ચોક્કસ જાતિની મહિલાઓ વિરુદ્ધ જાતીય હિંસા કરવાથી તેમને તીર્થયાત્રા સમાન આધ્યાત્મિક પુણ્ય મળશે.ભાન્ડેરના ધારાસભ્યએ કહ્યું, ‘’ભારતમાં બળાત્કારનો ભોગ કોણ બને છે? મોટા ભાગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને ઓબીસી સમુદાયની મહિલાઓ. બળાત્કારની થીયરી એ છે કે જો કોઈ માણસ, પછી તેની માનસિક હાલત ગમે તેવી હોય, રસ્તા પર જતો હોય અને કોઈ સુંદર છોકરીને જુએ, તો તે વિચલિત થઈ શકે છે અને મહિલા પર બળાત્કાર કરી શકે છે.’’ બારૈયાએ વધુમાં આઘાતજનક નિવેદન આપતાં કહ્યું કે પછાત સમુદાયની મહિલાઓ સુંદર પણ હોતી નથી, તેમ છતાં તેમના પર બળાત્કાર થાય છે. કારણ કે, ગુનેગારો માને છે કે, શાસ્ત્રોમાં આવું લખેલું છે! જો કે ભારે ઉહાપોહ મચ્યા પછી બારૈયાએ ફેરવી તોળતા કહ્યું હતું કે મેં તો બિહારના ફિલોસોફર હરીમોહન ઝાનું નિવેદન અમુક ચોક્કસ સ્થિતિ વર્ણવવા ટાંક્યું હતું. અને હું આ વાત સાથે સંમત નથી.

# મોદીએ દેશની પ્રથમ ‘વંદે ભારત સ્લીપર’ ટ્રેનને લીલી ઝંડી બતાવી

**હાવડા-ગુવાહાટી** રૂટ પર મુસાફરીના સમયમાં અંદાજે 2.5 કલાકનો ઘટાડો



માલદા, તા. 17: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ઉત્તર બંગાળના માલદા ટાઉન સ્ટેશનથી હાવડા અને ગુવાહાટી (કામાખ્યા) વચ્ચે દેશની પ્રથમ વંદે ભારત સ્લીપર ટ્રેનને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું વડા પ્રધાને અહીંથી જ ગુવાહાટી-હાવડા વંદે ભારત સ્લીપર ટ્રેનને પણ વર્ચ્યુઅલી લીલી ઝંડી બતાવી હતી. આ પ્રસંગે મોદીએ ટ્રેનની અંદર બાળકો અને શાળાના વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી હતી. આધુનિક ભારતની વધતી જતી પરિવહન જરૂરિયાતોને પૂરી કરવા માટે વિકસાવવામાં આવેલી આ સંપૂર્ણ એસી વંદે ભારત સ્લીપર ટ્રેન મુસાફરોને પોષાય તેવા ભાડામાં એરલાઇન જેવો મુસાફરીનો અનુભવ પ્રદાન કરશે. નિવેદનમાં જણાવાયું છે કે, આ ટ્રેન લાંબા અંતરની મુસાફરીને વધુ ઝડપી, સુરક્ષિત અને અનુકૂળ બનાવશે.ત્યાર બાદ માલદામાં એક જાહેર કાર્યક્રમમાં વડા પ્રધાન બંગાળ અને ઉત્તર-પૂર્વમાં કનેક્ટિવિટી મજબૂત કરવા અને વિકાસને વેગ આપવાના ઉદ્દેશ્ય સાથે 3,250 કરોડ રૂપિયાના રેલ અને રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ રાષ્ટ્રને સમર્પિત કરવા અને શિલાન્યાસ કરવાના છે.પૂર્વ ભારતની બે દિવસીય મુલાકાતે આવેલા મોદી આગામી 2026ની વિધાનસભા ચૂંટણીનું કાઉન્ટડાઉન નિર્ણાયક તબક્કામાં પ્રવેશી રહ્યું છે ત્યારે ઇન્ફ્રાસ્ટ્રક્ચર લોન્ચિંગની સાથે રાજકીય સંદેશા આપતા પશ્ચિમ બંગાળ અને આસામનો પ્રવાસ કરશે.

# બંગાળ માટે ઘૂસણખોરી મોટો પડકાર: મોદી

**ભાજપ** બંગાળમાં સત્તા પર આવશે તો ઘૂસણખોરો સામે મોટી કાર્યવાહી કરશે, શરણાર્થીઓએ ડરવાની જરૂર નથી

**માલ્દામાં** જનસભાને સંબોધન કરતા વડાપ્રધાને તૃણમૂલ કોંગ્રેસ પર પ્રહારો કર્યા

**બંગાળમાં** રૂ. 3,250 કરોડના રેલવે અને રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કર્યું

માલદા, ૧૭ જાન્યુઆરી (PTI): પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીઓ પહેલા, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે તૃણમૂલ કોંગ્રેસ (TMC) સરકાર પરના તેમના હુમલાનું કેન્દ્રબિંદુ ઘૂસણખોરીને બનાવ્યું હતું. તેમણે આરોપ લગાવ્યો હતો કે મોટા પાયે થઈ રહેલા ગેરકાયદેસર સ્થળાંતરે રાજ્યના વસ્તીવિષયક સંતુલનને બદલી નાખ્યું છે અને રમખાણોને વેગ આપ્યો છે, જ્યારે બીજી તરફ તેમણે મતુઆ જેવા શરણાર્થી સમુદાયોને આશ્વાસન આપ્યું હતું કે તેમને ડરવાની કોઈ જરૂર નથી.

ઉત્તર બંગાળના મુસ્લિમ બહુલ જિલ્લામાં એક વિશાળ રેલીને સંબોધતા મોદીએ કહ્યું કે ઘૂસણખોરી રાજ્ય સમક્ષ ખૂબ મોટો પડકાર છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે TMCની છત્રછાયા અને સિન્ડિકેટ રાજ તેમજ ઘૂસણખોરો સાથેની તેની સાંઠગાંઠ હેઠળ ગેરકાયદેસર સ્થળાંતર ફૂલ્યુંફાલ્યું છે. પશ્ચિમ બંગાળમાંથી પણ ઘૂસણખોરોને હટાવવા તેટલું જ જરૂરી છે. તેમણે ઉમેર્યું કે જો ભાજપ સરકાર સત્તામાં આવશે, તો તે ગેરકાયદેસર સ્થળાંતર રોકવા અને ઘૂસણખોરોને શોધીને બહાર કાઢવા માટે મોટી કાર્યવાહી કરશે. ઘૂસણખોરીની અસર જમીન પર દેખાઈ રહી હોવાનો દાવો કરતા વડાપ્રધાને કહ્યું કે રાજ્યના ઘણા ભાગોમાં વસ્તીવિષયક સંતુલન બદલાઈ ગયું છે. મોદીએ શરણાર્થી સમુદાયો, ખાસ કરીને રાજકીય રીતે મહત્વપૂર્ણ મતુઆ સમુદાયને સધિયારો આપવાનો પ્રયાસ કર્યો હતો.

તેમણે કહ્યું, હું મતુઆ જેવા શરણાર્થીઓને ખાતરી આપવા માંગુ છું કે જેઓ ધાર્મિક અત્યાચારને કારણે ભારતમાં આશ્રય લેવા આવ્યા છે: તમારે ચિંતા કરવાની જરૂર નથી. એક મહિનાથી ઓછા સમયમાં રાજ્યની પોતાની બીજી મુલાકાતે આવેલા મોદીએ, માલદા–જે એક મહત્વનું ચૂંટણી મેદાન છે–ત્યાં પોતાની રેલી પહેલાં રાજ્યમાં આશરે રૂ. 3,250 કરોડના રેલવે અને રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કર્યું હતું અને હાવડા અને ગુવાહાટી વચ્ચેની પ્રથમ વંદે ભારત સ્લીપર ટ્રેનને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું.


**દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ**
CIN U40102GJ2003SGC042909
વલસાડ શહેરી વિભાગીય કચેરી
કન્ટ્રી કલબ રિસોર્ટ,વશીયર વેલી સામે, પો.-વશીયર વલસાડ-૩૯૬૦૦૭,
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં.૧૯૧૨૩(કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

**વીજ પુરવઠો બંધ રહેવા અંગેની સુચના**

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ તારીખનાં રોજ અગત્યનું સમારકામ હોવાથી વિદ્યુત પુરવઠો બંધ રહેશે. જેની નોંધ લેવા વિનંતી છે.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટ સેન્ટર નં. | તારીખ/વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી. અટક પારડી | ૧૧ કે.વી. ઈસ્ટ | વલસાડ ઇસ્ટ | (૦૨૬૩૨) ૨૨૬૪૫૦ | ૧૯.૦૧.૨૦૨૬ (સોમવાર) | ૮:૩૦ થી ૧૫:૦૦ |
| ૨ | ૬૬ કે.વી. ભાગડાવાડા | ૧૧ કે.વી. ગવર્મેન્ટ કોલોની | નનકવાડા | (૦૨૬૩૨) ૨૪૭૯૦૦ | ૧૯.૦૧.૨૦૨૬ (સોમવાર) | ૮:૩૦ થી ૧૩:૩૦ |
| ૩ | ૬૬ કે.વી. ગુંદલાવ | ૧૧ કે.વી. કૃપા | વલસાડ ઇન્ડસ્ટ્રીયલ | (૦૨૬૩૨) ૨૩૬૬૦૦ | ૧૯.૦૧.૨૦૨૬ (સોમવાર) | ૮:૩૦ થી ૧૫:૦૦ |
| ૪ | ૨૨૦ કે.વી. અતુલ | ૧૧ કે.વી. રાબડા એ.જી. | અતુલ | ૬૩૫૭૬૦૫૬૯૧ | ૧૯.૦૧.૨૦૨૬ (સોમવાર) | |
| ૫ | ૬૬ કે.વી. ગુંદલાવ | ૧૧ કે.વી. પાલણ | વલસાડ ઇન્ડસ્ટ્રીયલ | (૦૨૬૩૨) ૨૩૬૬૦૦ | ૨૦.૦૧.૨૦૨૬ (મંગળવાર) | |
| ૬ | ૬૬ કે.વી. ભાગડાવાડા | ૧૧ કે.વી. રામવાડી | વલસાડ વેસ્ટ | (૦૨૬૩૨) ૨૪૪૨૨૫ | ૨૧.૦૧.૨૦૨૬(બુધવાર) | |
| ૭ | ૬૬ કે.વી. વલસાડ સિટી | ૧૧ કે.વી. સેગવી | કોસ્ટલ | (૦૨૬૩૨) ૨૪૪૧૫૭ | ૨૨.૦૧.૨૦૨૬ (ગુરુવાર) | |
| ૮ | ૬૬ કે.વી. મગોદ | ૧૧ કે.વી. દીવેદ | અતુલ | ૬૩૫૭૬૦૫૬૯૧ | ૨૩.૦૧.૨૦૨૬ (શુક્રવાર) | |
| ૯ | ૬૬ કે.વી. અટક પારડી | ૧૧ કે.વી. ઝરણા પાર્ક | વલસાડ ઇસ્ટ | (૦૨૬૩૨) ૨૨૬૪૫૦ | ૨૪.૦૧.૨૦૨૬ (શનિવાર) | |
| ૧૦ | ૬૬ કે.વી. ભાગડાવાડા | ૧૧ કે.વી. દીવાદાંડી | કોસ્ટલ | (૦૨૬૩૨)૨૪૪૧૫૭ | ૨૪.૦૧.૨૦૨૬ (શિનવાર) | |

નોંધ : સમારકામ પૂર્ણ થયેથી કોઈ પણ પ્રકારની પૂર્વ સૂચના આપ્યા સિવાય વીજ પ્રવાહ ચાલુ કરવામાં આવશે.

કાર્યપાલક ઇજનેર (સં. અને નિ), વલસાડ (શહેરી) વિભાગીય કચેરી, દ.ગુ.વી.કં.લિ

એમ.સી.બી./ ઇ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો